सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૫ | ૦૭ | ૨૦૧૦ |
| દાખલ કર્યા તારીખ | ૧૫ | ૦૭ | ૨૦૧૦ |
| હુકમ કર્યા તારીખ | ૦૧ | ૦૫ | ૨૦૨૬ |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૧૫** | **૦૯** | **૧૭** |

## ગળતેશ્વરના મહે. મુખ્ય સીવીલ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સેવાલીયા

**રે.દિ.મુ.નં. ૩૫/૨૦૧૭**
**(જુનો રે.દિ.મુ.નં.૨૦/૨૦૧૦)**
**આંક:-**

**વાદી :-** **ભગવતીબેન તે પ્રેમજીભાઈ મેઘજીભાઈ પટેલની દીકરી અને નટવરલાલ અંબાલાલ પટેલની ઓરત,**
ઉ.વ.૪૭, ધંધો-ખેતી તથા પશુપાલન,
રહે.મુ.સેવાલીયા બજાર, ૪-નંદનવન સોસાયટી, તા.ઠાસરા, જિ.ખેડા

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ :-**
**૧. લખીબેન તે નાનાભાઈ પુજાભાઈ પરમાર ની દીકરી**
ઉ.વ.પુખ્ત, ધંધો-ઘરકામ
રહે.મુ.બળેવીયા, તા.ઠાસરા, જિ.ખેડા
**૨. દોલીબેન તે મગનભાઈ પુજાભાઈ પરમાર ની દીકરી**
ઉ.વ.પુખ્ત, ધંધો-ઘરકામ
રહે.મુ.બાલપરેલના મુવાડા, તા.સાવલી, જિ.વડોદરા
**૩. નંદુબેન તે મગનભાઈ પુજાભાઈ પરમાર ની દીકરી**
ઉ.વ.પુખ્ત, ધંધો-ઘરકામ
રહે.મુ.બાલપરેલના મુવાડા, તા.સાવલી, જિ.વડોદરા
**૪. ચંપાબેન તે મગનભાઈ પુજાભાઈ પરમાર ની દીકરી**
ઉ.વ.પુખ્ત, ધંધો-ઘરકામ
રહે.મુ.બાલપરેલના મુવાડા, તા.સાવલી, જિ.વડોદરા
**૫. રેવાબેન તે મગનભાઈ પુજાભાઈ પરમારની દીકરી**

ઉ.વ.પુખ્ત, ધંધો–ઘરકામ
રહે.મુ.પ્રતાપપુરા, તાબે–સાવલી રોડ, તા.સાવલી, જિ.વડોદરા
**૬. રંગીતભાઈ નાનાભાઈ પરમારની પત્ની સુધાબેન તરીકે ઓળખાતી બાઈ**
ઉ.વ.પુખ્ત, ધંધો–ઘરકામ
રહે.મુ.બળેવીયા, તા.ઠાસરા, જિ.ખેડા

**દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી**

.............................................................

વાદી તરફે વકીલ શ્રી કે.એન.પટેલ
પ્રતિવાદીઓ તરફે વકીલ શ્રી આર.જે.સોની

.............................................................

## :: ઠ રા વ ::

(૧) વાદીના દાવાની હકીકત એવી છે કે, વાદી મુ.સેવાલીયા બજાર, ૪–નંદનવન સોસાયટી, તા.ઠાસરા, જિ.ખેડા મુકામે રહે છે અને ખેતી તથા પશુપાલન કરે છે. વાદીની મોજે સોનીપુર, તા.ઠાસરાની સર્વે નં. ૫૧૪ પૈકી–૧ વાળી ખેતીની જમીન માલિકીની તથા પ્રત્યક્ષ કબજાવાળી આવેલી છે. આ જમીનના મૂળમાલીકો પ્રાવાદી (૨) થી (૫) હતા જેઓએ વાદીને તા. ૯/૯/૦૫ ના રોજ રજી. વેદ નં. ૭૫૭/૦૫ થી રૂા. ૩૨,૦૦૦/– બત્રીસ હજાર પુરાનો રોકડ અવેજ ચુકવી માલીકી હકકે પ્રત્યક્ષ કબજે સોંપી છે આ જમીનમાં પ્રાવાદીઓનો કોઈપણ જાતનો લાગ ભાગ, હકક, હિત, સંબંધ નથી. રેવન્યુ રેકર્ડમાં વાદીના કાયદેસરના માલીકી કબજા ભોગવટાના હકકોની નોંધ થતી આવી છે અને થાય છે. તમામ પ્રકારના વેરા વાદી ખાતા નં. ૩૪૩ થી ભરપાઈ કરતા આવ્યા છે અને કરે છે. દાવાવાળી મોજે સોનીપુર, તા.ઠાસરાની સર્વે નં. ૫૧૪/૧ વાળી ક્ષેત્ર. ૦–૩૨–૩૭ ગુંઠા જેનો આકાર રૂા. ૨.૫૬ પૈસાવાળી ખેતીની જમીનના ચારખુંટ નીચે મુજબના છે.

પૂર્વ :– જુની એ. સી. સી. કંપની ની રેલ્વેની હદ આવેલી છે.

પશ્ચિમે:– બ્લોકનં. ૫૧૨ વાળી જમીન આવેલી છે.

ઉતરે :– બ્લોક નં. ૫૧૫ તથા અમો વાદીની બ્લોક નં. ૫૧૬ પૈકીની ૦–૭૫–૮૮ ગુંઠાવાળી આવેલી છે.

દક્ષિણે:– બ્લોક નં. ૫૧૪/૨ વાળી જમીન આવેલી છે.

ઉપર ચારખુંટ વચલી જમીનને દાવાવાળી જમીન એવી રીતે ઓળખવામાં આવશે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રાવાદીઓ બાઈમાણસો હોવાથી વાદીને દાવાવાળી જમીનમાં ખેતી કરતા અટકાવ અંતરાય કરવાના પ્રયત્નો કરી કરાવી રહેલા છે. દાવાવાળી જમીનમાંથી ગઈ સીજનમાં બાજરીનો પાક લઈ હાલમાં તલ કરવા જમીન ખેડી તૈયાર કરી છે. પ્રાવાદીઓને દાવાવાળી જમીન આટલા વર્ષો પછી પરત–પાછી જોઈએ છે તેવી ખોટી તકારાર વાદીના વિરોધીઓની ચડવણીથી ઉભી કરી વાદીના પતિને દીકરાને ખેતરમાં ખોટી ખોટી ધમકીઓ આપે છે અને વાદીની દાવાવાળી જમીનમાં ખેતી કરતા ધમકીઓ આપી અપાવી રહેલા છે. દાવાવાળી જમીનમાં વાદીના પતિને માર મારવાની – ખોટી ફરીયાદમાં ફસાવી દેવાની પણ ધમકીઓ આપી અપાવી રહેલા છે. પ્રાવાદીઓએ ગઈ તા. ૬/૭/૧૦ ના રોજ સેવાલીયા બજારમાં વાદીના પતિની દુકાન આવી ધમકીઓ આપી ગયેલા તેમજ તા.૧૦/૭/૧૦ ના રોજ વાદીના પતિ જે મોટરસાઈકલ લઈને ગયેલા તે મોટરસાઈકલ પાડી નાખી પ્રાવાદી (૧) નાએ બરડામાં લાકડી પાછળથી મારી દીધેલી જે બંને બનાવોની પોલીસમાં વાદીએ ફરીયાદ પણ આપેલી છે. આમ, પ્રાવાદીઓ જુથના જોરે કાયદો હાથમાં લઈ દાવાવાળી જમીન તેમના ગામ બળેવીયા સીમમાંનજીક હોવાથી વાદીને ખેતી કરતા દખલ અંતરાય કરી ગુનાહિત ધમકીઓ આપી દાવાવાળી જમીનમાં નવો ગેરકાયદેસર હક્ક ઉભો કરવા સારૂ છેલ્લા અઠવાડીયાથી કાચુ છાપરૂ બનાવી ઉભો કરી લેવાની ધમકીઓ આપતા હોવાથી

વાદીને દાવો કરવાની પ્રાવાદીઓ વિરૂધ્ધ જરૂર પડી છે તેમ જણાવેલ છે.

વધુમાં વાદી દાવાના કારણોમાં જણાવે છે કે, દાવાવાળી જમીનમાં વાદીના પતિ ગઈ તા. ૬/૭/૧૦ ના રોજ તલ કરવાના હોવાથી તપાસ કરવા ગયા ત્યારે તેજ દિવસે વાદીના પતિની દુકાન ઉપર બિભસ્ત વર્તન કરી ગાળા ગાળી કરી દાવાવાળી જમીન પાછી આપી દેવાની ધમકીઓ આપી ત્યારબાદ ગઈ તા. ૧૦/૭/૧૦ ના રોજ વાદીના પતિને બરડામાં લાકડી મારી મોટર સાઈકલ પાડી દઈ છાપરૂ બનાવી દાવાવાળી જમીનનો કબજો કરી લેવાની ગુનાહીત ધમકી આપી તેથી વાદીના પતિને પોલસમાં જાન માલની સલામતી માટે કરીયાદ કરવાની તથા દાવાવાળી જમીનમાં વાદીના કાયદેસરના માલીકીના તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાના હક્કોના રક્ષણ માટે દાવો કરવા કાયદેસરનું કારણ ઉદભવેલ છે. દાવાવાળી જમીનમાં પ્રાવાદીઓનો કહેવાતો કોઈપણ પ્રકારો હકક અધિકાર નથી. વાદી એકલા છે પ્રાવાદીઓ જુથબળવાળાઓ છે. વાદીના કાયદેસરના માલીકી કબજા ભોવગટાના હકકોનું રક્ષણ નામદાર કોર્ટ સિવાય કોઈ કરી શકે તેમ નથી. વાદીઓનો પ્રાઈમાફેસી માલીકી હકક અને પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. ન્યાયનું હિત વાદીના લાભમાં છે. દાવામાં વાદીની માગ્યા મુજબની દાદ મંજુર રાખવાથી પ્રાવાદીઓને કોઈપણ જાતનું નુકશાન થવાનું નથી કેમકે પ્રાવાદીઓનો કે અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક અધિકાર દાવાવાળી જમીનમાં રહેલો નથી. વાદી દાવાવાળી જમીન પ્રાવાદીઓને તેમની માગ્યા મુજબ પરત આપવા માગતા નથી કે તે માટે જવાબદાર કે બંધાયેલા નથી. દાવાવાળી જમીન ઉપર વાદીએ બોજાતારણ લીધેલ છે. પ્રાવાદીઓ જુથના જોરે દાવાવાળી જમીન વાદી પાસેથી ગેરકાયદેસર રીતે કાયદો હાથમાં લઈ ઝુંટવી લેતો વાદીના કાયદેસરના માલકી કબજા ભોગવટાના હકકોને ગંભીર પ્રકારનું નુકશાન સહન કરવાનો વારો આવે તેમ છે તેમ જણાવેલ છે.

(૨) વાદીના દાવાની પ્રતિવાદીને પ્રોસેસ બજી જતા પ્રતિવાદી તેમના વકીલશ્રી મારફતે હાજર

થઈ આંક– ૩૮ થી દાવા તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરી વાદીના દાવાની હકીકતોનો ઈનકાર કરેલ છે અને ખરી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી જમીનમા આ કામના વાદીનો ક્યારેય તેમના જણાવ્યા મુજબનો કબ્જો ભોગવટો હતો નહિ અને છે પણ નહી. તેમજ જેથી વાદીએ નામદાર કોર્ટમા સદર દાવો દાખલ કર્યો તે સમયે દાવાવાળી સ્થળ સ્થિતિનો નામદાર કોર્ટના કમિશ્નર દ્વારા પંચનામું કરાવેલ નહિ જેથી પ્રવાદીએ દાવાવાળી જમીનનું નામદાર કોર્ટના કમિશ્નર દ્વારા પંચનામુ કરાવેલ છે. જે પંચનામું સદર કામ મા નિ.૩૪/૧ થી રજુ થયેલ છે. સદર નામદાર કોર્ટના કમિશ્નર દ્વારા કરેલ પંચનામામા સ્પષ્ટ જણાવેલ છે કે, સદર ખેતરમાં એક દેશી નળિયા વાળું જુના જેવુ ઘર આવેલું છે. સદરહુ ઘરની અંદર લખીબેન નાનાભાઈ પરમાર એટલે કે પ્ર.વાદી નં.૧ તેમના કુટુંબ કબીલા ઘરવખરીના સર–સામાન સાથે રહે છે. તેમજ સદરહું મકાનની અંદર તેમના ઘર વખરીના સાધનો પીપ ખાટલા લોખંડનો સ્ટર વિગેરે આવેલા છે. વળી સદર મકાનમાં નાના મોટા વાસણો આવેલા છે. સદર વાસણ પર પ્ર.વાદીનું નામ આવેલું છે. આમ સદર પંચક્યાસ જોતા પણ સદર દાવાવાળી જમીનમાં પ્ર.વાદીનું મકાન આવેલું છે. તેમજ દાવાવાળી જમીનનો સ્વતંત્ર પ્રત્યક્ષ કબજો ભોગવટો પ્રવાદીનો આવેલો છે. તે પુરવાર થાય છે. આમ, દાવાવાળી જમીનમા તેઓ તેમના વડીલોના સમયથી રહી ખેતી કરી ઉપજ લેતા આવેલા છે અને હાલમાં પણ લે છે. આમ, વાદીના કહેવા મુજબ વાદીનું ફક્ત પેપર પઝેશન છે. જ્યારે સ્થળ પરનું પઝેશન પ્રવાદીઓનું છે. વળી સદર કામમાં દાવાવાળી જમીન અંગે દાવાના કામે દાવા અરજીની દાદ તથા મનાઈ અરજીની દાદ ધ્યાને લેવામા કાવે તો બંને દાદ એક સરખી જણાઈ આવે છે. જો વાદીની હાલની અરજીની દાદ મંજુર કરવામાં આવે તો વાદીના દાવાની આખરી દાદ સંતોષાય તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છે. વળી કાયદા અનુસારના પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેતા પણ જ્યારે વચગાળાની દાદમાં આખરી દાદ

સંતોષાાય જતી હોય ત્યારે વચગાળાની દાદ મંજુર કરી શકાય નહીં. વળી કાયદાના સિધ્ધાંતો અનુસાર પણ જે વ્યકિત મિલકતમા કબ્જામા હોય તેવી વ્યકિતને કાયદેસર ની પ્રક્રિયા કર્યા સિવાય તેનો કબજો છીનવી શકાય નહી વાદીના કહેવા મુજબ વાદીનું ફક્ત પેપર પઝેશન છે. જ્યારે સ્થળ પરનું પઝેશન પ્રતિવાદિઓનુ છે. દાવાવાળી જમીનનો સ્વતંત્ર પ્રત્યક્ષ કબજો ભોગવતો પ્ર.વાદીઓન વડીલોના સમયથી પ્રતિવાદીઓનો આવેલો છે અને આજે પણ છે. વળી દાવાવાળી જમીન પ્રવાદીઓની જાતખેડની આવેલી છે. વાદીએ દાવાવાળી જમીનમાં વાદીનું નામ રેકડમા ખોટી રીતે દાખલ કરાવેલ છે. દાવાવાળી જમીનમાં વાદીનો કોઈપણ જાતનો લાગભાગ હકક–હિસ્સો કે હિત કે સબંધ આવેલ નથી. સદર દાવવાળી જમીનમા આવેલ મકાન તેમની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાનું આવેલું છે. તેમજ સરકારી રેકર્ડમાં પણ સદર મિલકત પ્રતિવાદીના નામે ચાલે છે. તેમજ તેના તમામ પ્રકારના ટેક્ષ પણ પ્રવાદી ભરે છે. દાવાવાળી મિલકત અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ વાદીના જણાવ્યા મુજબનો પ્રવાદી નં.૨ થી ૫ એ કરી આપેલ નથી. સદર કહેવાતા રજી.દસ્તાવેજમાં પ્રવાદી નં.૨ થી ૫ ના માતૃશ્રી રઈબેનની સહીં નથી. તેમજ તે અંગે વાદી સામે તેઓ જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાના છે. કારણ કે સદર રજી.દસ્તાવેજ વાદીને પ્રાવાદી નં.૨ થી ૫ ની અજ્ઞાનતા તેમજ અભણતાનો ગેરલાભ લઈને કરાવી લીધેલ છે. સદર રજી.દસ્તાવેજ કાયદેસરનો નથી કારણકે સદર જમીનને ટુકડા ધારાનો બાધ નડે છે. દાવાવાળી જમીન તમામ પ્રવાદીઓની વડીલો પાર્જિત તેમજ સંયુક્ત માલીકીની આવેલી છે. તેમજ દાવાવાળી જમીનમાં કોઈપણ જાતના હરકત, અડચણ અંતરાય વિના છેલ્લા ત્રીસેક વર્ષોથી તેમના પૂરોગામી વડીલોના સમયથી તેમની સાથે રહી તેઓ ખેતી કરી ઉપજ મેળવતા આવેલા અને હાલ પણ લે છે. પ્રવાદી નં.૧ ના પિતા તેમજ પ્રવાદી નં.૨,૩,૪ ના કાકા નાનાભાઈ પુંજાભાઈ અભણ હોઈ સદર દાવાવાળી

જમીનનો તમામ વહીવટ પ્રવાદી નં.૧ ના કાકા તેમજ પ્રવાદી નં.૨,૩.૪ ના પિતા મગનભાઈ પુંજાભાઈ પરમાર કરતા હતા તેમજ પ્રવાદી નં.૧ ના સદર કાકા મગનભાઈ પુજાભાઈ પરમારે રેકર્ડમાં પ્ર.વાદી નં.૧ ના પિતાનું નામ દાખલ થવા દીધેલ ન હોય તેમજ દાવાવાળી જમીનમાં પ્રવાદી નં.૧ ના પિતા નાનાભાઈ પુંજાભાઈ પરમારનો પણ કાયદેસરનો હક્ક હોસ્સો હોવાથી તેમજ દાવાવાળી જમીનમાં કબજો ભોગવટો હોય પ્રવાદી નં.૨ થી ૫ એ તેમની સંમતિથી તારીખ : ૧૯/૨/૦૫ ના રોજ સંમતિ કરારથી દાવાવાળી જમીન વહેંચણીથી તેમના કાકા નાનાભાઈ પુંજાભાઈ પરમારના વારસદારોને આપેલ છે. આમ, દાવાવાળી જમીનનો સ્વતંત્ર પ્રત્યક્ષ કબ્જો ભોગવટો પ્રવાદીઓનો છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, જો વાદીના લાભમાં મનાઈ હુકમ મંજુર કરવામાં આવે તો નામદાર કોટના હુકમના કારણે પ્રવાદીઓ દાવાવાળી જમીનમાથી દુર થઈ જાય તેમજ દાવાવાળી જમીનમાંથી પ્રવાદીઓનો કાયદેસરનો હકક નષ્ટ થઈ જાય તેમ છે. તેમજ પ્રવાદીઓનો કાયદેસરના જાથુના હકકોને નુકશાન થાય તેમ છે. જેનો બદલો પ્રવાદીઓને પૈસાથી પણ મળી શકે તેમ નથી વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી કે વાદીનો દાવાવાળી જમીનમા કોઈ પઝેશન નથી કે દાવાવાળ જમીન વાદીની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી નથી જો વાદીને માંગ્યા મુજબ મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીને કોઈ પણ પ્રકારનું નુકશાન થાય તેમ નથી કારણ કે વાદી ક્યારેય પણ દાવાવાળી જમીનના કબજામાં ન હતા. અને આજે પણ નથી વળી ન્યાયની સમતુલા પણ પ્રવાદીઓની તરફેણમાં છે. જેથી વાદીનો સદર દાવો તથા મનાઈ મરજી રદ કરવા નામ. કોર્ટને નમ્ર અરજ ગુજારેલ છે.

વધુમાં પ્રતિવાદી તરફે ઉપરોકત લેખિત જવાબ રજુ થયા બાદ આ કામના વાદી તરફે આંક– ૪૦ થી કાઉન્ટર એફીડેવીટ રજુ થયેલ છે, જે વંચાણે લીધી.

(૩) ત્યારબાદ આ કામે પ્રતિવાદી તરફે આંક–૬૧ થી સામો મનાઈહુકમ મેળવવાની માંગણી કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીએ હકીકતો છુપાવીને દાવો દાખલ કરેલ છે. અને કોર્ટ કમિશ્રનરના પંચનામા ધ્વારા નિ. ૩૪/૧ થી પંચનામાની વિગતોમાં પ્રતિવાદીને દેશી નળિયાવાળુ ઘર આવેલ છે. અને પ્રતિવાદીઓ આ મિલ્કતના કબજા ભોગવટામાં છે. તેમજ વાદીને આ મિલ્કતમાં કોઈ હકક કે હિસ્સો નથી તેમજ દાવાવાળી મિલ્કતનો કહેવાતો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓએ કરી આપેલ છે. તેમજ તેમાં પ્રતિવાદીની માતાની જમીનમાં કોઈ સહી નથી અને તેથી આ જમીનનો વેચાણ દસ્તાવેજ કાયદેસર નથી. અને આ જમીનને ટુકડા ધારાનો બાદ નડે છે તેથી જમીનનો કબજો ભોગવટો તેઓની પાસે હોય, વાદીઓ દાવાવાળી મિલ્કતમાં પ્રવેશ કરે કરાવે નહિ કે તેઓનો કબજામાં હેલો, હરકત, અંતરાય,અટકાવ કરે કરાવે નહિ કે સદર જમીનમાં તેઓના મકાન તોડે નહિ કે ઉખાડી પાડે નહિ તેવો મનાઈ હુકમની સામી માંગણી કરેલ છે.

(૪) આ કામે પ્રતિવાદીની સામી મનાઈ હુકમની અરજીનો વાદી તરફે આંક–૬૭ થી જવાબ રજુ થયેલ છે. અને તેમાં પ્રતિવાદીની આંક–૬૧ ની અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. અને તેઓ જણાવે છે કે, પ્રતિવાદીઓનો વાદ વાળી મિલ્કતમાં કોઈ જ કબજો નથી અને તેઓને કોઈ જ અધિકાર નથી અને તેઓ ગેરકાદેસર હકક ઉભો કરી અવાર નવાર કાયદો હાથમાં લઈ પ્રયાસ કરે છે તેવી હકીકતો જણાવેલ છે. અને વાદીનોઆ કામે પ્રથમદર્શનીય કેસ છે અને પ્રતિવાદીઓએ વાદીને જમીન વેચાણ આપી બાદ પ્રતિવાદીઓને આ કામે વાદીઓના કબજા હકક–હિસ્સાને કોઈ જ હેલો, હરકત અને અંતરાય કરવાનો અધિકાર નથી છતાં પ્રતિવાદીઓ અવાર નવાર આવા ગેરકાયદેસરના પ્રયત્નો કરે છે તેથી પ્રતિવાદીઓની વર્તણુકને ધ્યાને રાખી વાદીના કાયદેસરના ટાઈટલને પ્રોટેકટ કરવું ખુબ જ જરૂરી હોય પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવા

અરજ કરેલ છે.

(૫) આ કામના વાદી ધ્વારા પોતાના કેસના સમર્થન માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદીનું પુરાવા બાબતનુ સરતપાસનું સોગંદનામુ | ૧૨૮ |
| ૨ | વાદીના સાહેદ નટવરલાલ અંબાલાલ પટેલનુ પુરાવા બાબતનું સરતપાસનું સોગંદનામુ | ૧૩૬(એ) |
| ૩ | વાદીના સાહેદ પ્રવિણચંદ્ર શનીલાલ શાહનુ પુરાવા બાબતનું સરતપાસનું સોગંદનામુ | ૧૫૮ |

**<u>દસ્તાવેજી પુરાવો:–</u>**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સર્વે નંબર ૫૧૪ પૈકી ૧ મોજે સોનીપુર તા. ઠાસરાની ૭/૧૨ ની નકલ ખાતા નંબર–૩૪૩ ની મોજે સોનીપુર તા. ઠાસરાની ૮–અ ની નકલ અસલ | ૧૩૦ |
| ૨ | ખાતા નંબર–૩૪૩ ની મોજે સોનીપુર તા. ઠાસરાની ૮–અ ની નકલ અસલ | ૧૩૧ |
| ૩ | વાદીએ દાવાવાળી જમીન વેચાણ રાખી તેનો ગામનો નમુનો –૬ હકકપત્રક ફેરફાર નોંધ– ૪૫૪૫ | ૧૩૨ |
| ૪ | દાવાવાળી મિલ્કત મોજે– સોનીપુરની સર્વે નંબર ૫૧૪ ના વેચાણ દસ્તાવેજ ન.૭૫૭/૦૯ ની ટ્રુ કોપી વાળી નકલ | ૧૩૩ |
| ૫ | મિલ્કત નં.૫૧૪/૧ ની મોજે સોનીપુર તા.ઠાસરાની ૭/૧૨ ની નકલ અસલ (નવી કોપી) | ૧૩૪ |
| ૬ | મોજે.સોનીપુર તા.ઠાસરાની ખાતા નં.૩૪૩ ની | ૧૩૫ |

| | | |
|---|---|---|
| | ૮(અ) ની નકલ અસલ (નવી કોપી) | |
| ૭ | મોજે.સોનીપુરની મિલ્કત નં.૫૧૪ માં ફેરફાર નોંધ નં.૪૫૪૫ ની ૬ ના હક્કપત્રકની નકલ અસલ | ૧૩૬ |
| ૮ | મોજે.સોનીપુરની મિલ્કત નં.૫૧૪ પૈકી ની સને. ૧૯૯૩–૯૪ થી સને.૨૦૦૪–૦૫ સુધીની ૭/૧૨ ની ખરી નકલ | ૧૩૭ |
| ૯ | મોજે.સોનીપુરના ખાતા નં.૨૫૭–અ મા વેરો ભર્યાની પહોંચ અસલ | ૧૩૮ |
| ૧૦ | મોજે.સોનીપુરના ખાતા નં.૨૫૭–અ માં વેરો ભર્યાની પહોંચ અસલ | ૧૩૯ |
| ૧૧ | મોજે.સોનીપુરના ખાતા નં.૨૫૭ મા સિક્ષણ ઉપર કર વેરો ભર્યો તેની પહોંચ અસલ | ૧૪૦ |
| ૧૨ | ગા.પં.–સોનીપુરના ત.ક.મંત્રીશ્રીએ લખી આપેલ દાખલો અસલ | ૧૪૧ |

ઉપરોક્ત પુરાવા સિવાય વાદી તરફે આ કામે અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી અને વાદી તરફે આંક–૧૬૧ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ સદર કામ પ્રતિવાદીના પુરાવા માટે રાખવામાં આવેલ પરંતુ આ કામના પ્રતિવાદીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. ત્યારબાદ સદર કામ પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવેલ છે.

(૬) આ કામે વાદી તરફે આંક–૧૬૫ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. સદર કામે પ્રતિવાદી પક્ષ તરફે કોઈ હાજર રહેતા ન હોય આંક–૧૬૬ થી દલીલોનો હક બંધ કરવામાં આવે છે.

(૭) આ દાવાના નિર્ણય માટે આંક–૧૨૩ થી પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

**:: મુદ્દા ::**

**મુદ્દા નં. ૧:–** શું વાદીઓ સાબિત કરે છે કે, દાવાવાળી રેવન્યુ સર્વે નં–૫૧૪ પૈકીની ખેતીની જમીનના મૂળ માલિકો પતિવાદી નં–૨ થી ૫ જ હતા અને

તેઓએ વાદીને તા.૦૯/૦૯/૦૫ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી વાદવાળી જમીનનો કબજો માલિકી હકકે સોંપી આપેલો છે ?

**મુદ્દા નં. ૨:–** શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદીના દાવાને જરૂરી પક્ષકારોની ખામીનો બાધ નડે છે?

**મુદ્દા નં. ૩:–** શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદવાળી મિલકતનો કબજો હાલમાં તેઓની પાસે છે? અને વાદવાળીની જમીનને ટુકડાધારાનો બાધ નડે છે?

**મુદ્દા નં. ૪:–** શું વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

**મુદ્દા નં. ૫:–** શું હુકમ? શું હુકમનામું?

(૮) ઉપરોક્ત મુદ્દા અંગે નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧:–** હકારમાં

**મુદ્દા નં. ૨:–** નકારમાં

**મુદ્દા નં. ૩:–** નકારમાં

**મુદ્દા નં. ૪:–** હકારમાં

**મુદ્દા નં. ૫:–** આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

(૯) **પુરાવાકીય મુલ્યાંકન અને સાબિતીના બોજા સબબ પ્રસ્થાપિત સિધ્ધાંત**

આ તબક્કે ભારતીય પુરાવા અધિનીયમ, ૧૮૭૨ના ભાગ–૩ પ્રકરણ–૭માં સાબિતીના બોજા વિશે જોગવાઈ કરવામાં આવેલ છે જે કલમ–૧૦૧ માં ઠરાવેલ છે કે, જો કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલ હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજી કોર્ટે ફેસલો આપે તો તેણે તે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. આ કામે રજુ પક્ષનિવેદનો આધારે આંક–૧૨૩ વાળા મુદ્દા ઘડવામાં આવેલ છે અને તેની સાબીતીનો બોજો જે તે પક્ષકારની હકીકત આધારે જે તે પક્ષકારના શિરે લાદવામાં આવેલ છે જે સાબિતીના બોજાનું વહન જે તે પક્ષકારે સબળ પુરાવાથી કરવું રહે.

(૧૦) વાદીએ હાલનો દાવો વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા સારૂ દાખલ કરેલ

હોઈ, હાલનો દાવો ધી સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૩૪ અને ૩૮ની જોગવાઈઓના દાયરામાં પડતો હોઈ, કલમ–૩૪ અને કલમ–૩૮ની જોગવાઈઓ અત્રે ટાંકવી ઉચિત માનુ છું.

**Section 34**

**Discretion of Courts as to declaration of status or right**:–

**Any person entitled any legal character, or to any right as to any property, may institute a suit against any person denying, or interested to deny, his title to such character or right, and the Court may in its discretion make therein a declaration that he is so entitled, and the plaintiff need not in such suit ask for any further relief:**

**Provided that no court shall make any such declaration where the plaintiff, being able to seek further relief than a mere declaration of title, omits to do so.**

**Explanation: A trustee of property is a "person interested to deny" a title adverse to the title of some one who is not in existence, and for whom, if in existence, he would be a trustee."**

**Section – 38**

**Perpetual injunction when granted**:–

(1) **Subject the other provisions contained in OΣ referred to by this chapter a perpetual injunction may be granted to the plaintiff to prevent the breach of an obligation existing in his favour, whether expressly or by implication.**

(2) **When any obligation arises from contract, the Court**

**shall be guided by the rules and provisions contained in Chapter II**.

(૩) **When the defendant invades or threatens to invade the plaintiff's right to, or enjoyment of, property, the Court may grant a perpetual injunction in the following cases, namely**:

(**a**) **Where the defendant is trustee of the property for the plaintiff;**

(**b**) **where there exists no standard for ascertaining the actual damage caused, or likely to be caused, by the invasion;**

(**c**) **where the invasion is such that compensation in money would afford adequate relief; not**

(**d**) **where the injunction is necessary to prevent a multiplicity of judicial proceedings**.

આમ, ઉપરોકત જોગવાઈઓ જોતા, વિજ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ આપવાની અદાલતની વિવેકાધીન સત્તા છે અને અદાલત દરેક કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી અદાલતને યોગ્ય લાગે તો યોગ્ય કિસ્સાઓમાં આવી દાદ મંજુર કરી શકે છે.

(૧૧) દાવાના કામે આંક–૧૨૩ થી ઘડવામાં આવેલ મુદ્દાઓ પરત્વેના ઠરાવેલ ઉપરોક્ત ન્યાયિક નિર્ણયો સબબ કારણો નીચે મુજબ છે.

<u>**મુદ્દા નં. ૧ :**</u>

(૧૨) શું વાદીઓ સાબિત કરે છે કે, દાવાવાળી રેવન્યુ સર્વે નં–૫૧૪ પૈકીની ખેતીની જમીનના મૂળ માલિકો પતિવાદી નં–૨ થી ૫ જ હતા અને તેઓએ વાદીને તા.૦૯/૦૯/૦૫ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી વાદવાળી જમીનનો કબજો માલિકી હકકે સોંપી આપેલો છે ?

સદર મુદ્દો પુરવાર કરવા માટે આ કામના વાદી ભગવતીબેન નટવરલાલ

પટેલએ આંક–૧૨૮ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં વાદી જણાવે છે કે, વાદી મુ.સેવાલીયા બજાર, ૪–નંદનવન સોસાયટી, તા.ઠાસરા, જિ.ખેડા મુકામે રહે છે અને ખેતી તથા પશુપાલન કરે છે. વાદીની મોજે **<u>સોનીપુર, તા.ઠાસરાની સર્વે નં. ૫૧૪ પૈકી–૧ વાળી ખેતીની જમીન માલિકીની તથા પ્રત્યક્ષ કબજાવાળી આવેલી છે. આ જમીનના મૂળમાલીકો પ્રાવાદી (૨) થી (૫) હતા જેઓએ વાદીને તા. ૯/૯/૦૫ ના રોજ રજી. વેદ નં. ૭૫૭/૦૫ થી રૂા. ૩૨,૦૦૦/– બત્રીસ હજાર પુરાનો રોકડ અવેજ ચુકવી માલીકી હકકે પ્રત્યક્ષ કબજે સોંપી છે આ જમીનમાં પ્રાવાદીઓનો કોઈપણ જાતનો લાગ ભાગ, હકક, હિત, સંબંધ નથી. રેવન્યુ રેકર્ડમાં વાદીના કાયદેસરના માલીકી કબજા ભોગવટાના હકકોની નોંધ થતી આવી છે</u>** અને થાય છે. તમામ પ્રકારના વેરા વાદી ખાતા નં. ૩૪૩ થી ભરપાઈ કરતા આવ્યા છે અને કરે છે. વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રાવાદીઓ બાઈમાણસો હોવાથી વાદીને દાવાવાળી જમીનમાં ખેતી કરતા અટકાવ અંતરાય કરવાના પ્રયત્નો કરી કરાવી રહેલા છે. દાવાવાળી જમીનમાંથી ગઈ સીજનમાં બાજરીનો પાક લઈ હાલમાં તલ કરવા જમીન ખેડી તૈયાર કરી છે. પ્રાવાદીઓને દાવાવાળી જમીન આટલા વર્ષો પછી પરત–પાછી જોઈએ છે તેવી ખોટી તકારાર વાદીના વિરોધીઓની ચડવણીથી ઉભી કરી વાદીના પતિને દીકરાને ખેતરમાં ખોટી ખોટી ધમકીઓ આપે છે અને વાદીની દાવાવાળી જમીનમાં ખેતી કરતા ધમકીઓ આપી અપાવી રહેલા છે. દાવાવાળી જમીનમાં વાદીના પતિને માર મારવાની – ખોટી ફરીયાદમાં ફસાવી દેવાની પણ ધમકીઓ આપી અપાવી રહેલા છે. પ્રાવાદીઓએ ગઈ તા. ૬/૭/૧૦ ના રોજ સેવાલીયા બજારમાં વાદીના પતિની દુકાન આવી ધમકીઓ આપી ગયેલા તેમજ તા.૧૦/૭/૧૦ ના રોજ વાદીના પતિ જે મોટરસાઈકલ લઈને ગયેલા તે મોટરસાઈકલ પાડી નાખી પ્રાવાદી (૧) નાએ બરડામાં લાકડી પાછળથી મારી દીધેલી જે બંને બનાવોની પોલીસમાં વાદીએ ફરીયાદ પણ આપેલી છે. આમ, પ્રાવાદીઓ જુથના જોરે કાયદો હાથમાં લઈ દાવાવાળી જમીન તેમના ગામ બળેવીયા સીમમાંનજીક હોવાથી વાદીને ખેતી કરતા દખલ અંતરાય કરી ગુનાહિત ધમકીઓ આપી દાવાવાળી જમીનમાં નવો ગેરકાયદેસર હક્ક ઉભો કરવા સારૂ છેલ્લા અઠવાડીયાથી કાચુ છાપરૂ બનાવી ઉભો કરી લેવાની ધમકીઓ આપતા હોવાથી વાદીને દાવો કરવાની પ્રાવાદીઓ વિરૂધ્ધ જરૂર પડી છે તેમ જણાવેલ છે.

વધુમાં વાદી દાવાના કારણોમાં જણાવે છે કે, દાવાવાળી જમીનમાં વાદીના

પતિ ગઈ તા. ૬/૭/૧૦ ના રોજ તલ કરવાના હોવાથી તપાસ કરવા ગયા ત્યારે તેજ દિવસે વાદીના પતિની દુકાન ઉપર બિભસ્ત વર્તન કરી ગાળા ગાળી કરી દાવાવાળી જમીન પાછી આપી દેવાની ધમકીઓ આપી ત્યારબાદ ગઈ તા. ૧૦/૭/૧૦ ના રોજ વાદીના પતિને બરડામાં લાકડી મારી મોટર સાઈકલ પાડી દઈ છાપરૂ બનાવી દાવાવાળી જમીનનો કબજો કરી લેવાની ગુનાહીત ધમકી આપી તેથી વાદીના પતિને પોલસમાં જાન માલની સલામતી માટે કરીયાદ કરવાની તથા દાવાવાળી જમીનમાં વાદીના કાયદેસરના માલીકીના તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાના હક્કોના રક્ષણ માટે દાવો કરવા કાયદેસરનું કારણ ઉદભવેલ છે. દાવાવાળી જમીનમાં પ્રાવાદીઓનો કહેવાતો કોઈપણ પ્રકારો હકક અધિકાર નથી. વાદી એકલા છે પ્રાવાદીઓ જુથબળવાળાઓ છે. વાદીના કાયદેસરના માલીકી કબજા ભોવગટાના હકકોનું રક્ષણ નામદાર કોર્ટ સિવાય કોઈ કરી શકે તેમ નથી. વાદીઓનો પ્રાઈમાફેસી માલીકી હકક અને પ્રત્યક્ષ કબજો ભોગવટો છે. ન્યાયનું હિત વાદીના લાભમાં છે. દાવામાં વાદીની માગ્યા મુજબની દાદ મંજુર રાખવાથી પ્રાવાદીઓને કોઈપણ જાતનું નુકશાન થવાનું નથી કેમકે પ્રાવાદીઓનો કે અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક અધિકાર દાવાવાળી જમીનમાં રહેલો નથી. વાદી દાવાવાળી જમીન પ્રાવાદીઓને તેમની માગ્યા મુજબ પરત આપવા માગતા નથી કે તે માટે જવાબદાર કે બંધાચેલા નથી. દાવાવાળી જમીન ઉપર વાદીએ બોજાતારણ લીધેલ છે. પ્રાવાદીઓ જુથના જોરે દાવાવાળી જમીન વાદી પાસેથી ગેરકાયદેસર રીતે કાયદો હાથમાં લઈ ઝુંટવી લેતો વાદીના કાયદેસરના માલકી કબજા ભોગવટાના હકકોને ગંભીર પ્રકારનું નુકશાન સહન કરવાનો વારો આવે તેમ છે તેમ જણાવેલ છે. આમ, આ કામના વાદીએ દાવાની હકીકતોને જુબાની દ્વારા સમર્થન આપેલ છે જ્યારે આ કામના પ્રતિવાદીના વિ.વ.શ્રીએ વાદીની લંબાણપુર્વકની ઉલટતપાસ કરેલ છે પરંતુ વાદીના દાવાની હકીકતની વિરુદ્ધ બીજી અન્ય કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે પ્રતિવાદીઓએ વાદીના દાવાને ખંડન કરતો કોઈ પુરાવો સદર કામમા રજુ રાખેલ નથી. આથી વાદીના દાવાને ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં આ કામના વાદીએ આંક-૧૩૩ થી દાવાવાળી જમીનનો રજીસ્ટર્ડ દસ્તાવેજ રજુ કરેલ છે. જે રજીસ્ટર્ડ દસ્તાવેજ દ્વારા આ કામના વાદીએ દાવાવાળી જમીનના માલિક અને કબજેદાર બનેલાનુ પુરવાર કરેલ છે જ્યારે પ્રતિવાદીઓએ સદર દસ્તાવેજ ચેલેન્જ કરેલ નથી અને માત્ર એવી દલીલ કરેલ છે કે તેમા પ્રતિવાદીઓના માતૃશ્રીનુ નામ

નથી. આથી દસ્તાવેજ રદ્દ બાતલ ગણાય. પરંતુ પ્રતિવાદીઓની આ હકીકત માની શકાય તેમ નથી. કેમ કે, વાદીએ રજુ કરેલા આંક–૧૩૭ વાળો દાવાવાળી જમીનનો ૭/૧૨ ની નકલ જોવામાં આવે તો તેમા મગનભાઈ પુંજાભાઈની દિકરીઓમાં દોલીબેન, નંદુબેન, ચંપાબેન અને રેવાબેન ના નામ નોંધ નં.૩૨૨૪ થી ચઢેલા છે જેથી તે લોકો દાવાવાળી મિલ્કતના માલિક હોવાનુ પુરવાર થાય છે અને જ્યારે આંક–૧૩૩ વાળો દસ્તાવેજ જોવામા આવે તો તેમા પણ આ જ ચાર લોકોના નામ વેચનાર તરીકે દર્શાવવામા આવેલા છે. તેવા સંજોગોમાં જે તે સમયે પ્રતિવાદીના માતા રઈબેનનો હક હિસ્સો માલિક તરીકે પોસાતો હોય તે હકીકત માનવાપાત્ર જણાતી નથી. વધુમાં જ્યારે પ્રતિવાદીઓએ જે તે સમયે પોતે દાવાવાળી મિલ્કતના માલિક છે તેવી હકીકત દર્શાવી વાદીને પુરતી અવેજની રકમ લઈ કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ૭૫૭/૨૦૦૫ કરી આપેલ છે અને વેચાણ અવેજની રકમ ઓળવી ગયા છે. તેવા સંજોગોમાં હવે જો પ્રતિવાદીઓ પાછળથી એવી હકીકત કહેતા હોય કે તેઓને દાવાવાળી મિલ્કત વેચાણ કરવાનો કોઈ અધિકાર ન હતો તો તેવા સંજોગોમાં પ્રતિવાદીઓને **<u>એસ્ટોપલના સિદ્ધાંત</u>**નો બાધ નડતો હોવાનુ રેકર્ડ પર ફલિત થાય છે. અને વાદીએ કાયદેસર રીતે દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર સમક્ષ નોંધાવેલ હોય તેવા સંજોગોમાં આ દસ્તાવેજ ખોટો છે તેવુ માની શકાય નહી. વધુમાં આ કામના વાદી દ્વારા આંક–૧૫૮ થી દાવાવાળી મિલ્કત વેચાણ કરનારના સાક્ષી તરીકે રહેલ પ્રવિણચંદ્ર શનીલાલ શાહને તપાસવામા આવેલ છે જેઓ ઉલટતપાસમાં કબુલ કરે છે કે દાવાવાળી મિલ્કતના દસ્તાવેજના રજીસ્ટ્રેશન સમયે તેઓ હાજર હતા. અને તેઓએ દસ્તાવેજમાં સહી કરેલી છે. આમ જ્યારે ત્રાહીત સાહેદ દસ્તાવેજને સમર્થન પુરુ પાડતા હોય ત્યારે વાદીના દસ્તાવેજને ન માનવાને કોઈ કારણ નથી. આમ, વાદી મુદ્દા નં.૧ ને પુરવાર કરતા હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ :</u>**

(૧૩) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદીના દાવાને જરૂરી પક્ષકારોની ખામીનો બાધ નડે છે?

સદર મુદ્દો પુરવાર કરવાની જવાબદારી આ કામના પ્રતિવાદીના શિરે રહેલી છે

પરંતુ આ કામના પ્રતિવાદીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી તેમજ એવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. જેનાથી સાબિત થાય કે વાદીના દાવાને પક્ષકારોની ખામીનો બાધ નડે છે. વધુમાં વાદીએ રજુ કરેલ આંક–૧૩૩ વાળો દસ્તાવેજ જોતા તેમા વેચનાર તરીકે જણાવેલ તમામ પક્ષકારોને દાવામાં જોડેલ હોય તેવા સંજોગોમાં મુદ્દા નં.૨ નો નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૩ :**

(૧૪) શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે, વાદવાળી મિલકતનો કબજો હાલમાં તેઓની પાસે છે ? અને વાદવાળીની જમીનને ટુકડાધારાનો બાધ નડે છે ?

સદર મુદ્દો પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીના શીરે રહેલી છે પરંતુ આ કામના પ્રતિવાદીએ સોંગદ ઉપર જુબાની આપેલ નથી કે એવા કોઈ દસ્તાવેજો રજુ રાખેલ નથી કે દાવાવાળી જમીનનો કબજો તેમની પાસે છે અને દાવાવાળી જમીનને ટુકડાધારાનો બાધ નડતો હોય તેવી હકીકત સાબિત કરી શકે. વધુમાં માત્ર જવાબમાં કોઈ હકીકત જણાવવાથી તે હકીકત સાબિત થયેલી માની શકાય નહી પરંતુ તેને યોગય પુરાવા દ્ધારા સાબિત કરવાની હોય છે તેવા સંજોગોમાં મુદ્દા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૪ :**

(૧૫) શું વાદી દાવામાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા માટે દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ વાદીએ આપેલી જુબાની ધ્યાને લેતા વાદી પોતાના દાવાની હકીકતો યોગ્ય પુરાવાથી સાબીત કરેલ હોય તેમજ દાવાવાળી મિલ્કતના વાદી કાયદેસરના માલિક અને કબજેદાર હોય જ્યારે આ કામના પ્રતિવાદીએ વાદીના દાવાની વિરુદ્ધ કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ના હોય વાદીના દાવાની હકીકતનુ ખંડન થયેલ ન હોય મુદ્દા નં.૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં.૫ :**

(૧૬) શું હુક્મ ? તથા શું હુકમનામું ?

સદર દાવામાં વાદીએ પોતાની દાવા અરજી અને પોતાની સોગંદ પરની જુબાની ધ્વારા તથા દાવામાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા પોતાના શીરે રહેલ મુદ્દાઓ સચોટ

રીતે પૂરવાર કરેલ હોય જયારે આ કામના પ્રતિવાદીઓએ વાદીનો દાવો કાયદેસર રીતે ચાલવાપાત્ર ન હોય તેવુ પુરવાર ન કરેલ હોય તેવા સંજોગોમાં વાદીનો દાવો મંજુર કરવો ન્યાયના હિતમાં યોગ્ય જણાતો હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: <u>આ ખ રી હુ ક મ ::</u>**

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) એવુ ઠરાવવામાં આવે છે કે મોજે સોનીપુરની સર્વે નં.૫૧૪/૧ વાળી દાવા અરજીના પેરા ૨ મા જણાવ્યા મુજબની ચાર ખુંટ વચલી ખેતીની જમીનમાં આ કામના પ્રતિવાદીનો કોઈપણ જાતનો હક અધિકાર નથી.

(૩) આ કામના પ્રતિવાદીઓએ વાદીની દાવાવાળી જમીનમાં પોતે કે તેમના માણસો, નોકરો, ચાકરો, એજન્ટ, એસાઈનીઝ, મળતીયા વિગેરેનાઓએ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવવો નહી. કે વાદીને દાવાવાળી જમીનમાં ખેતી કરતા અટકાવવા કે અંતરાય કરવો કરાવવો નહી. તેઓ કાયમી મનાઈ હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરુદ્ધમાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

હુકમ આજરોજ તારીખ : ૧ લી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૫/૨૦૨૬
સ્થળ: સેવાલીયા

**( ડી.જી.વાઘેલા )**
મુખ્ય સીવીલ જજ,
ગળતેશ્વર એટ સેવાલીયા
**Code No. GJ01444**